નં. ૨૫

# ધર્મ, અર્થ, કામ અને મોક્ષને અચૂક આપવાવાળો "ઓમ્" મંત્ર

સામાન્ય જનસમુદાયમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ઓમ્ મંત્રનો જપ કેવળ ત્યાગીઓ અને સંન્યાસીઓ જ કરી શકે; કારણ કે તેનાથી કામ અને અર્થની સિદ્ધિ (પ્રાપ્તિ) થતી નથી. પરંતુ ખરેખર એવું કાંઇ જ નથી. "ઓમ" સર્વ મંત્રનો નાયક છે, સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે પુલ સમાન છે અને બધુંજ આપી શકે છે. તેના માટે કહ્યું છે કે—

મંત્રાણાં પ્રણવઃ સેતુઃ

માંગલ્યં પાવનં ધર્મ્યં, સર્વ કામ પ્રસાધનમ્;

ઓમ્કારઃ પરમં બ્રહ્મ, સર્વ મંત્રેષુ નાયકમ્.

નદી ઉપરના ગામમાં પ્રવેશવા માટે જેમ પુલનો સહારો લેવો જ પડે છે તેમ દરેક પ્રકારના મંત્રોનો સાચો અને પૂરો લાભ લેવા માટે પણ, તેમાં પ્રવેશવા માટે પણ ઓમ્નો આશ્રય લેવો પડે છે. જેમ મહા બળવાન સૈન્ય પણ નાયક વિના પાંગળું છે તેમ ઓમ્ વિનાના મંત્રો પણ પાંગળા છે અર્થાત યથા યોગ્ય સફળતા આપી શકતા નથી. મંગળ, પવિત્ર અને ધાર્મિક વગેરે બધા જ કાર્યોમાં ઓમ્ પ્રસાધનમ્ છે અર્થાત અચૂક ફળ આપનારો છે. સવારથી સાંજ સુધીની આપણી દિનચર્યામાં મોટે ભાગે આપણે મંગળ, પવિત્ર અને ધાર્મિક કાર્યો જ કરવાના આવતા હોય છે.

ઓમકારં બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયંતિ યોગીનઃ

કામદં મોક્ષદં ચૈવ ઓમ્કારાય નમો નમઃ

બિંદુથી યુક્ત ઓમ્નું ધ્યાન કરીને યોગીઓ કામ અને મોક્ષને પ્રાપ્ત કરી લે છે, ઓમ્ને – ઓમ્કારને નમસ્કાર છે, નમસ્કાર છે.

"કામ" માં અર્થનો અને "મોક્ષ"માં ધર્મનો સમાવેશ થઇ જ જાય છે કારણ કે કામ વિના અર્થની અને ધર્મ વિના મોક્ષની પ્રાપ્તિ સંભવ નથી. આ રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ઓમ્ આપવાવાળો છે તે વાત ઢોલ વગાડીને કહી દીધી. ઓમના પૂજા, ધ્યાન, જપ, સ્મરણ ઇત્યાદિ કરવાનો સૌ કોઇને અધિકાર છે. તે, અમુકે કરાય અને અમુકે ન કરાય એવી લેશ પણ શંકા ઉપરના શ્લોકે ઉડાડી દીધી.

નિખિલ ભૂમંડળ યોગપ્રાચાર્ય પૂ. પા. પતંજલિએ ઓમને ઇશ્વરનું મુખ્ય નામ કહીને ઓમના જપ કરવાનું કહ્યું છે. તેઓ કહે છે કે અર્થની ભાવના સહિત ઓમના જપ કરવાથી ચૈતન્યનો સાક્ષાત્કાર થાય છે અને અંતરાયોનો અભાવ થઈ જાય છે.

જીવન પણ એક ઘણી મોટી સાધના છે. એ સાધના નિર્વિઘ્ને પૂરી થાય તેમ સૌ ઇચ્છે છે. તેથી સૌ માટે ઓમ્ અતિ ઉપયોગી છે.

રામ ઉપનિષદમાં પણ કહ્યું છે કે રામનામની આગળ અને પાછળ ઓમ્ લગાડીને ("ઓમ્ રામ ઓમ્" એવી રીતે) પચાસ લાખ વખત જપવામાં આવે તો તે છન્નું કરોડની બરાબર થઈ જાય છે. ઓમનો મહિમા જેટલો ગાઇએ તેટલો થોડો જ છે. અનંત શાસ્ત્રોમાં તેનો અનંત રીતે મહિમા ગાવામાં આવ્યો છે. તેમાંથી થોડો નીચે મુજબ છે—

(૧) ઓમ બ્રહ્મ છે. (તૈ. શી. ૮)

(૨) દેહને નીચેની અરણી અને ઓમને ઉપરની અરણી બનાવીને ધ્યાનરૂપી મંથનદંડથી ફરીફરીને ઘર્ષણ કરીને છૂપાયેલા અગ્નિની જેમ પરમ જ્યોતિ (પરમાત્મા) ને જુઓ. (શ્વે. ૧/૪)

(૩) જે પુરુષ ઓમ્ એવા એક અક્ષરરૂપ બ્રહ્મનું નામ લેતો લેતો અને તેનો અર્થ જે પરમાત્મા તેનું ચિંતન કરતો કરતો શરીર છોડે છે તે પુરુષ પરમ ગતિને પ્રાપ્ત થાય છે. (ગીતા ૮/૧૩)

(૪) જેમ બીટડા વડે સર્વ પાંદડાઓ વ્યાપ્ત છે તેમ ઓમકાર વડે સર્વ વાણી વ્યાપ્ત છે. (શ્રી. છાં. ઉ.)

(૫) શિવ, રુદ્ર આદિ અનેક નામોમાં ઓમ્ નામ શ્રેષ્ઠ છે. (શ્રી લિંગ પુ)

(૬) શ્રી લક્ષ્મીબીજ શ્રીં, માયાબીજ હ્રીં, કામબીજ ક્લીમ્, વાગબીજ ઐં અને શક્તિબીજ સઃ થી પણ જગતનું કારણ એવું પરમાત્માબીજ ઓમ્ શ્રેષ્ઠ છે. (પા. યો. ર. ટી. પૃ. ૧૧૯)

(૭) પરમાત્માનું નામ ઓમ્ છે. તેના વડે સ્મરણ કરવાથી તે પ્રસન્ન થાય છે. (યો. યા. ર. ટી–૧૧૯)

કોઈપણ કાર્યના પ્રારંભમાં ત્રણ વખત ઓમ્‌નો ઉચ્ચાર થાય – કરાય તો બહુ સારું. પહેલો પ્રણવોચ્ચાર બોલનારના કલ્યાણ માટે, બીજો સાંભળનારના કલ્યાણ માટે અને ત્રીજો સર્વના કલ્યાણ માટે. અસ્તુ.

શ્વાસાસે સોહમ્ બના, સોહમ્‌સે ઓમ્‌કાર;
ઓમ્‌કારસે રામ બના, સાધો કરો વિચાર.

પ્રશ્વાસ નીકળતી વખતે હમ્ અને શ્વાસ લેતી વખતે સઃ જેવો ધ્વનિ થાય છે એમ મનાય છે. તેનો ધારાવાહિક જપ થતા તે સોહમ્ થઈ જાય છે. "સો" માંથી સ અને "હમ્" માંથી હ કાઢી નાખતા ઓમ્ બચી રહે છે. ઓમ્‌માં અ, ઉ અને મ્ છે અને રામમાં ર, અ અને મ છે. રામના જપના પરિપકવ કાળે ર નો લોપ થઈને ઉ નું અવતરણ થઈને "રામ" ઓમ્‌નું રૂપ થઈ જાય છે. અસ્તુ.

એક રામ દશરથ ઘર ડોલે, એક રામ ઘટઘટમેં બોલે;
એક રામ હૈ જગત પસારા, એક રામ હૈ સબસે ન્યારા.

પહેલા ત્રણ રામના અનુશાસનમાં રહીને ચોથા "સબસે ન્યારા રામ" ને પ્રાપ્ત કરી લઈએ અર્થાત સાચી રીતે સમજી–ઓળખી લઈએ. ચોથા રામને ઓળખવા તે જ સમગ્ર સાધનાઓની મુખ્ય પ્રાપ્તિ છે.

આમ સૌ કોઈ નિશંકપણે ઓમ્‌નો જપ કરી શકે છે અને તેનાથી ચારેય પરમ પુરુષાર્થની પ્રાપ્તિ પણ કરી શકે છે.

ઓમ્ મંત્ર તો જગતના નવસર્જન રૂપી આદિ કારણનું આદિ કાર્ય છે–

તેથી તે સ્વયંભૂ, સ્વયંસ્ફુરિત–પ્રેરિત, સ્વયંસર્જિત – અર્જિત–અર્ચિત, પૂર્ણ સ્વભાવિક અને મજ્જાગત છે. ખરેખર તો ઓમ્ ધ્વન્યાત્મક છે, તેથી તે અનુભૂતિનો વિષય છે. વર્ણાત્મક જપ તો તેની ધ્વન્યાત્મકતાને પ્રગટાવવામાં સહાયરૂપ છે.

પ્રગટેલા દીપકનો પણ એક વિશિષ્ટ ધ્વનિ હોય છે તેમ (પ્રગટેલા) આત્માનો, ચૈતન્યના અસ્તિત્વનો પણ એક દિવ્ય, અલૌકિક, મસ્તાન–

ડોલાયમાન ધ્વનિ છે, તેનું નામ શું આપવું ? તેનું વર્ણન કઈ રીતે કરવું ? તેના યથાયોગ્ય વર્ણન માટે બધા જ અક્ષરો છીછરા લાગે છે અને બધા જ શબ્દો દરીદ્ર ભાસે છે. તેને સમજાવવાના પ્રયત્ન માટે નવનવા અપ્રચલિત શબ્દસમૂહો પ્રગટ કરવાનો લોભ રોકી શકાતો નથી અને તેમ કરવા જતાં પ્રચલિત વિદ્વદ્ ભોગ્યતાનું શું ? તે વિચાર અકળાવીને ધર્મસંકટ ઉભું કરે છે. છતાંય સંતોષ એ વાતનો છે કે જિજ્ઞાસુઓને આટલા પ્રગટીકરણથી પણ યથાશક્તિ વ્યક્તકથન દ્વારા અવ્યક્તકથનરૂપી અધ્યાહારનો પણ સહારો મળશે અને તેથી તેઓ નેતિ નેતિ કહીને "ઇતિ"ને વ્યક્ત કરવાની આત્મવંચના કરી શકશે.

નેતિ, નેતિ, નેતિ.

—યોગભિક્ષુ

પ્રકાશક :–
ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી,
ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુ
૧/અ, પલિયડનગર સોસાયટી, નારણપુરા,
સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, અમદાવાદ–૧૩.
ફોન : ૪૪૫૧૯૫